ચોમાસા પૂર્વે મેઘરાજાના ‘ટ્રીઝર’ બાદ સોનેરી સવાર

■ સુરત શહેરમાં મંગળવારે મળસ્કે વાવાઝોડા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદે શહેરના લોકોની ઊંઘ ઉડાવી દીધી હતી. ચોમાસા પૂર્વે જાણે મેઘરાજાએ આગમનનું ટ્રીઝર રજૂ કર્યું હોય તેમ શહેરના અનેક વિસ્તારોમાં પાણી પાણી કરી દીધું હતું. પાલિકાની પ્રિમોન્સુન કામગીરીમાં ધરખમ કામગીરીની પોલ ખોલી નાંખી હોય તેમ વરસાદના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જો કે મંગળવારના સૂર્યોદય સાથે સુરતની સવાર સોનેરી અને રંગોથી ભરપૂર આકાશ સાથે છવાયેલી બની હતી. રંગબેરંગી આકાશ સાથે શહેરનો નજારો સોનાની સૂરત જોવા રમણીય બન્યો હતો. **(તસવીરઃ હેમંત ડેરે, સતીષ જાદવ)**

મનપાની ખાસ કમિટીમાં ધારાસભ્યોનું ધાર્યું થશે? , સંકલનમાં અનેક ચર્ચા થઈ

પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. કોરાટે ધારાસભ્યો, સાંસદો અને શહેર ભાજપ હોદ્દેદારો પાસેથી માંગ્યા નામો

૧૨ કમિટીઓમાં દરેક ધારાસભ્યને એક-એક ચેરમેન પદનો ક્વોટા ફાળવાય તેવી ચર્ચા

સુરત : મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન ઉમેદવારોની પસંદગીમાં ધારાસભ્યોની ભલામણોને મળેલા મહત્ત્વ બાદ હવે વિવિધ ખાસ કમિટીઓના ચેરમેન, ઉપચેરમેન અને સભ્યોની પસંદગીમાં પણ ધારાસભ્યોને પ્રાધાન્ય આપવામાં આવે તેવી રાજકીય ચર્ચાઓ તેજ બની છે. ભાજપ સંગઠને ખાસ કમિટીઓની રચનાની પ્રક્રિયા શરૂ કરતાં શહેરના રાજકીય વર્તુળોમાં નવી સમીકરણોની અટકળો શરૂ થઈ છે. ગઈકાલે આ અંગે મોટી સંકલન મીટિંગ પણ મળી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સુરત કાર્યક્રમની તૈયારીઓ સંદર્ભે યોજાયેલી બેઠક દરમિયાન પ્રદેશ ભાજપ મહામંત્રી ડો. પ્રદીપસિંહ કોરાટે શહેર ભાજપના મુખ્ય હોદ્દેદારો, વોર્ડ પ્રમુખો, ધારાસભ્યો, સાંસદો અને કોર્પોરેટરો સાથે ચર્ચા કરી હતી. બેઠક બાદ ડો. કોરાટ દ્વારા ખાસ કમિટીઓના ચેરમેન પદ માટે સંભવિત નામોની યાદી અલગ-અલગ સ્તરે માંગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે તાજેતરની મનપા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી વખતે શહેર ભાજપ સંગઠનના અનેક હોદ્દેદારોની ભૂમિકા મર્યાદિત રહી હતી, જ્યારે ધારાસભ્યોને ટિકિટ ફાળવણી પ્રક્રિયામાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું હતું. પરિણામે ધારાસભ્યો પોતાના વિધાનસભા ક્ષેત્ર કરતાં પણ વધુ સક્રિય રીતે મનપાની ચૂંટણી વ્યવસ્થામાં જોડાયેલા જોવા મળ્યા હતા.

મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન સહિતના હોદ્દાઓની પસંદગીમાં છેલ્લી ઘડીએ સર્જાયેલા રાજકીય ઘટનાક્રમ બાદ હવે પ્રદેશ નેતૃત્વ ખાસ કમિટીઓની રચનામાં કોઈ વિવાદ ન સર્જાય તે માટે આગોતરી તૈયારી કરી રહ્યું હોવાનું માનવામાં આવે છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ મનપાની ૧૨ જેટલી ખાસ કમિટીઓમાં ચેરમેનોની પસંદગી વખતે ધારાસભ્યોની ભલામણોને નોંધપાત્ર મહત્ત્વ મળી શકે છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે દરેક ધારાસભ્યને એક-એક ખાસ કમિટીના ચેરમેન પદની ફાળવણી કરીને સત્તા અને જવાબદારીઓનું સંતુલન સાધવાનો પ્રયાસ થઈ શકે છે. જોકે અંતિમ નિર્ણય પ્રદેશ ભાજપ નેતૃત્વ અને પક્ષના વરિષ્ઠ આગેવાનોના મંજૂરી બાદ જ જાહેર થશે. હાલમાં કમિટીઓના હોદ્દેદારોને લઈને ભાજપમાં આંતરિક લોબિંગ અને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે.

મનપાની પ્રિ-મોન્સૂન બેઠકમાં ભાજપ પ્રમુખ કેમ હાજર?, કોંગ્રેસનો વિરોધ

ભાજપ પ્રમુખ પરેશ પટેલ કોર્પોરેટર નથી, પદાધિકારી નથી કે અધિકારી નથી તો આવું કેમ?

કોંગ્રેસ દ્વારા મ્યુનિ.કમિ. ને પત્ર લખીને પ્રોટોકોલ તોડવામાં આવ્યો હોવાના આક્ષેપો કરવામાં આવ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સત્તાવાર પ્રિ-મોન્સૂન સમીક્ષા બેઠકમાં પ્રોટોકોલ વિના ભાજપના શહેર પ્રમુખ પરેશ પટેલની ઉપસ્થિતિ મુદ્દે મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. પૂર્વ કોર્પોરેટર અને કોંગ્રેસ નેતા અસલમ સાયકલવાલાએ મનપા કમિશનર એમ. નાગરાજનને પત્ર લખીને આ બાબતે સખત વાંધો ઉઠાવ્યો છે. પત્રમાં આક્ષેપ કરાયો છે કે, મેયર માયાબેન માવાણીની અધ્યક્ષતામાં આઈસીસીસી ખાતે યોજાયેલી આ વહીવટી બેઠકમાં કોઈ પણ સત્તાવાર પ્રોટોકોલમાં ન આવતા હોવા છતાં ભાજપ પ્રમુખ આગળની હરોળમાં બેઠા હતા અને ઉચ્ચ અધિકારીઓને સંબોધન પણ કર્યું હતું, જે મનપાના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું છે.

કોંગ્રેસે આ ઘટનાને સુરતના પ્રથમ નાગરિક ગણાતા ‘મેયર પદ’ની ગરિમાને ઝાંખપ લગાડનારી અને વહીવટી તંત્રના ભગવાકરણ સમાન ગણાવી છે. પત્રમાં ટાંકવામાં આવ્યું છે કે મનપાનું બિલ્ડિંગ નાગરિકોના ટેક્સના પૈસાથી બનેલું છે, નહીં કે ભાજપ કાર્યાલયના દાનથી. જો આવા બિન-બંધારણીય વ્યક્તિઓ સરકારી બેઠકોનું સંચાલન કરશે તો ભવિષ્યમાં સામાન્ય સભામાં પણ તેઓ ઘૂસી જશે. કોંગ્રેસે આ નવી ખોટી પ્રથાને અટકાવીને સુરત મહાનગરપાલિકાના સુચારું અને તટસ્થ વહીવટ માટે કમિશનર સમક્ષ તાકીદે યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપ પ્રમુખની હાજરીને પગલે કોંગ્રેસને વિવાદ ઉભો કરવાનો મોકો મળી ગયો છે ત્યારે આગામી દિવસોમાં શું થાય છે તે જોવું રહ્યું!

પરેશ પટેલની હાજરી ભવિષ્યમાં ભાજપમાં મોટો વિવાદ સર્જે તો નવાઈ નહીં

સુરત મનપાના પદાધિકારીના કોઈપણ હોદ્દા પર નહીં હોવા છતાં પણ પ્રિ-મોન્સુન સમીક્ષા બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલની હાજરીને પગલે મનપાના પદાધિકારીઓ પણ ભારે ગણગણાટ શરૂ થયો છે. જ્યારે મીટિંગ મનપાના પદાધિકારી અને અધિકારીની હોય ત્યારે ભાજપ સંગઠનના કોઈ જ વ્યક્તિ તેમાં ભાગ લઈ શકે નહીં. ભાજપમાં જ શરૂ થયેલો આ ડખો આગામી દિવસમાં ભાજપમાં મોટો વિવાદ ઉભો કરશે તેવું મનાઈ રહ્યું છે.

શૂઝ ટેન્ડરના કૌભાંડમાં ભાજપના આગેવાનના બે સાગરીત પકડાયા

બંગાળ સરકારના નામે વરાછાના વેપારી સાથે ઠગાઈ આચરવામાં આવી હતી

આનંદધારા મિશનના નામે ૧ લાખ જોડી બૂટ પડાવી પેમેન્ટ ચૂકવ્યા વગર ધમકીઓ આપી હતી

સુરત : સુરત શહેર ઈકોસેલ ક્રાઈમ બ્રાન્ચે ૩૬ કરોડનું શૂઝ સપ્લાય કરવાનું બોગસ ટેન્ડર બતાવી ૬,૯૯,૦૩,૮૦૧ની ઠગાઈના કેસમાં બે આરોપીને ઝડપી લીધા છે.

મોટા વરાછામાં રહેતા પ્રવિણભાઈ ભગવાનભાઈ ધડુકને કિશોર વાઘેલા, ઈન્દ્રજીત સેનગુપ્તા અને સિમિસ સુબ્રમણ્યમ સહિતના ૬ ઠગોએ જાળમાં ફસાવ્યા હતા. તેઓએ ફરિયાદીને જણાવ્યું હતું કે, બંગાળ સરકારના શૂઝના ટેન્ડર માટે અમારે સરકારી અધિકારીઓ સાથે સીધું સેટિંગ છે, જેમાં તમને મોટો આર્થિક લાભ થશે. વેપારીને વિશ્વાસમાં લેવા માટે ટોળકીએ અગાઉના મંજૂર થયેલા સરકારી ટેન્ડરોની બોગસ નકલો પણ બતાવી હતી.

ભોગ બનનાર વેપારી પાસે ટેન્ડર મંજૂર કરાવવાના બહાને આરોપીઓએ કમિશન પેટે ટુકડે-ટુકડે રૂ.૨,૪૯,૦૦,૦૦૦/- પડાવી લીધા હતા. ત્યારબાદ શૂઝ નહીં મોકલતા પોલીસ ફરિયાદ થતાં આ ગુનામાં આરોપીઓ શિક્ષણ સમિતીની ખરીદ સમિતીના પૂર્વ ચેરમેન તેમજ ભાજપના આગેવાન કિશોરકુમાર રામુભાઈ વાઘેલા (રહે. રાંદેર, મૂળ પાલીતાણા) અને સિમિસ સુબ્રમણ્યમ નોચીલ (રહે. ડીંડોલી, મૂળ કેરળ)ની ધરપકડ કરવામાં આવી છે.

આ રેકેટમાં સામેલ પશ્ચિમ બંગાળના અન્ય સાયન સેન, સુભાશીષસિંગા,ઈન્દ્રજીત સેનગુપ્તા તથા સંજીવભાઈ નામના ચાર સાગરીતોને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, આ ચકચારી કૌભાંડમાં આગામી દિવસોમાં નવા વળાંકો આવે તો નવાઈ નહીં હોય.

સરથાણામાં ચાર માસના પુત્રને એસિડ પીવડાવી માતાએ પણ જીવન ટુંકાવ્યું

શેમ્પૂ લેવા જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળેલી પરિણીતાએ એપાર્ટમેન્ટના બાથરૂમમાં પગલું ભર્યું

સુરતઃ સરથાણા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. ચાર મહિનાના માસૂમ પુત્રને એસિડ પીવડાવ્યા બાદ માતાએ પોતે પણ એસિડ પી લેતાં બંનેના મોત નીપજ્યા હતા. પ્રાથમિક તપાસમાં પ્રસૂતિ બાદ વધેલા માનસિક તણાવ અને બીમારીને કારણે આ પગલું ભરાયું હોવાનું સામે આવ્યું છે. શેમ્પૂ લેવા જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળેલી પરિણીતાએ એપાર્ટમેન્ટના બાથરૂમમાં જઈને પગલું ભરી લીધું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના દાતિયા ગામના વતની મનીષભાઈ કોટડીયા હાલમાં મોટા વરાછા ડી-માર્ટ નજીક સિલ્વાસા સ્ટોનમાં રહે છે. તે કન્સ્ટ્રક્શન સાઈટ પર નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની પત્ની 29 વર્ષીય ધારા દોઢ વર્ષ અગાઉ લગ્ન કરીને સાસરે આવી હતી. પ્રથમ પ્રસૂતિ માટે ધારા સરથાણા વનમાળી BRTS જંક્શન નજીક આવેલા એવન હાઈટ્સ ખાતે પિયરમાં રહેતી હતી. ગત 13 જાન્યુઆરીના રોજ તેણે પુત્ર રીશાનને જન્મ આપ્યો હતો. સોમવારે બપોરે આશરે 3:30 વાગ્યના સુમારે ધારા ‘‘શેમ્પૂ લેવા જાઉં છું’’ કહીને ચાર મહિનાના પુત્ર રીશાનને સાથે લઈને ઘરેથી નીકળી હતી. બાદમાં એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા બાથરૂમમાં જઈ ત્યાં રાખેલી એસિડની બોટલમાંથી પહેલા પુત્રને અને પછી પોતે એસિડ પી લીધું હતું.

છેલ્લાં ચારેક વર્ષથી માનસિક બીમારી હતી, અમદાવાદ ખાતે દવા પણ ચાલતી હતી

સરથાણા પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ધારા છેલ્લા ચાર વર્ષથી માનસિક બીમારીની સારવાર લઈ રહી હતી. પ્રસૂતિ બાદ તેની માનસિક સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી અને છેલ્લા બે-ત્રણ દિવસથી તેણે જમવાનું પણ છોડી દીધું હતું. ભારે ડિપ્રેશન અને માનસિક તણાવના કારણે તેણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. હાલ સરથાણા પોલીસ સમગ્ર ઘટનાની વિવિધ દિશામાં વધુ તપાસ કરી રહી છે.

બાથરૂમમાંથી અવાજ આવતા એપાર્ટમેન્ટના લોકો દોડી આવ્યા હતા

બાથરૂમમાંથી અજુગતો અવાજ સંભળાતા એપાર્ટમેન્ટના લોકો દોડી આવ્યા હતા અને દરવાજો ખોલતા માતા-પુત્ર ગંભીર હાલતમાં જોવા મળ્યા હતા. પરિવારજનોને જાણ કર્યા બાદ બંનેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન રાત્રે લગભગ 1 વાગ્યે પુત્ર રીશાનનું અને ત્યારબાદ અઢી વાગ્યે ધારાનું મોત નીપજ્યું હતું.

મુંબઈમાં સસ્તા ફ્લેટના નામે સુરતના વેપારી પરિવાર સાથે રૂ. ૨.૧૫ કરોડની છેતરપિંડી

મહારાષ્ટ્ર સરકારના નકલી સેક્રેટરી બનીને મંત્રાલયના બોગસ પત્રો પધરાવ્યા

દાદરના પ્રોજેક્ટના નામે છેતરપિંડી આચરનાર મુંબઈની ત્રિપુટી સામે વધુ એક ગુનો દાખલ

સુરતઃમુંબઈના પોશ વિસ્તારમાં સરકારી ક્વોટા હેઠળ સસ્તા ભાવે લક્ઝુરિયસ ફ્લેટ અપાવવાના બહાને સુરતના એક જાણીતા ટેક્સટાઈલ વેપારીના પરિવારને રૂ.૨.૧૫ કરોડનો ચૂનો ચોપડવામાં આવ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

રામપુરા મેઈન રોડ વિસ્તારમાં રહેતા અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રયાગ વિનુભાઈ જરીવાલાએ મુંબઈની શાતિર ત્રિપુટી સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં મુંબઈ કોલાબાના પુરુષોત્તમ પ્રભાકર ચવ્હાણ, નગર વિકાસ ખાતાના કથિત અધિકારી દીપક મોરે અને ઉમેશ માંજરેકરનો સમાવેશ થાય છે. આ ઠગોએ વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ના ગાળામાં ફરિયાદી પ્રયાગભાઈના બહેન અલ્પાબેન તથા પ્રજ્ઞેશભાઈ લાખલાણીને મુંબઈના દાદર (પૂર્વ) માં આવેલા હાઈપ્રોફાઈલ ‘આઈલેન્ડ સિટી સેન્ટર’ પ્રોજેક્ટના ૫૩મા માળે આવેલો ફ્લેટ નંબર-૫૩૦૧ સરકારી ક્વોટામાંથી સસ્તામાં અપાવવાની લાલચ આપી કુલ રૂ.૨,૧૫,૧૭,૩૦૦ પડાવી લીધા હતા. વેપારી પરિવારને કોઈ શંકા ન જાય તે માટે આરોપી દીપક મોરેએ પોતે મહારાષ્ટ્ર સરકારના અર્બન ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી હોવાનો દાવો કર્યો હતો, જ્યારે બાકીના બે આરોપીઓ સાક્ષી બન્યા હતા. નાણાં મેળવ્યા બાદ તેઓએ ફ્લેટના માલિકી હક્કના નકલી દસ્તાવેજો આપ્યા હતા. બાદમાં કાવતરાના ભાગરૂપે જણાવ્યું કે, ૫૩મા માળના ફ્લેટમાં ટેકનિકલ સમસ્યા છે, જેથી તમને ૪૫મા માળે ફ્લેટ નંબર-૪૫૦૩ ફાળવવામાં આવે છે. આ માટે તેઓએ મુંબઈ મંત્રાલયના ગૃહ નિર્માણ વિભાગના ‘સહ સચિવ’ના નામે બનાવટી સહી-સિક્કાવાળો પત્ર પણ પધરાવી દીધો હતો.

ફ્લેટનો કબજો ન મળતા પરિવારે મુંબઈ જઈ સરકારી કચેરીઓમાં આ દસ્તાવેજોની ખરાઈ કરાવી ત્યારે તમામ કાગળો તદ્દન નકલી અને બોગસ હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે સરકારી નામે કરોડોની છેતરપિંડી થઈ હોવાનું સમજાતા જ જરીવાલા પરિવારે મહિધરપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે. કેસની ગંભીરતાને ધ્યાને રાખી સુરત ઈકો સેલની ટીમે મુંબઈના આ હાઈપ્રોફાઈલ ઠગોને દબોચી લેવા કાયદાકીય ગાળિયો મજબૂત કર્યો છે.

મોટા વરાછામાં ચાર ગોડાઉનમાં આગથી કરોડોનો માલ સ્વાહા

6 ફાયર સ્ટેશનની 8 ગાડીઓ સાથે ફાયર લાશ્કરોએ 5 કલાકે આગ કાબૂમાં કરી

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં મારૂતિ ચોક પાસે સોમવારે મોડી રાત્રે પતરાના શેડમાં આવેલા ચાર ગોડાઉનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડી અને દોડધામ મચી ગઈ હતી.

ફાયર બ્રિગેડ પાસેથી મળતી વિગતો અનુસાર, આ પરિસરમાં બે ઓનલાઇન કંપનીના ગોડાઉન, એક મીઠાઈનું ગોડાઉન અને એક કેટરિંગનું ગોડાઉન આવેલા છે. મોડી રાત્રે લાગેલી આગે જોતજોતામાં અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ એટલી ભયાનક હતી કે આકાશમાં કાળાડિબાંગ ધુમાડાના ગોટેગોટા ઉડતા દેખાયા હતા, જેને પગલે આજુબાજુના લોકો અને ત્યાં હાજર સ્ટાફમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો.

ઘટના અંગેનો કોલ મળતાની સાથે જ શહેરના 6 અલગ-અલગ ફાયર સ્ટેશનથી 8 ગાડીઓ સાથે ફાયર લાશ્કરોનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ફાયર બ્રિગેડના જવાનોએ સતત 4થી 5 કલાક સુધી ભારે જહેમત ઉઠાવ્યા બાદ આખરે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ ઓનલાઈન વેચાણની સામાગ્રીના ગોડાઉનોમાં રાખવામાં આવેલી છત્રીઓ, પ્લાસ્ટિકની વિવિધ વસ્તુઓ સહિતનો જરૂરી સામાન, પંખા, વાયરિંગ, ટેબલ અને ખુરશીઓ બળીને ખાખ થઈ ગયા હતા. આ ઉપરાંત, મીઠાઈના ગોડાઉનમાં રહેલા ફ્રિજ, પંખા અને મીઠાઈ બનાવવાનો કાચો-પાકો સામાન તેમજ કેટરિંગના ગોડાઉનમાં રાખેલો કરિયાણાનો જથ્થો, વાસણો, ટેબલ અને વાયરિંગ સહિતની તમામ ચીજવસ્તુઓ બળી ગઈ હતી. આ સાથે જ ત્યાં નજીકમાં પાર્ક કરેલી એક કાર પણ આગની ચપેટમાં આવી જતાં તેને ભારે નુકસાન થયું હતું. સદનસીબે આ આખી ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા થઈ નહોતી.

ત્રણ દિવસ પહેલાં રોજીરોટી માટે બિહારથી આવેલા યુવકે ફાંસો ખાધો

સુરતઃ ત્રણ દિવસ પહેલાં રોજીરોટી માટે બિહારથી સુરત આવેલા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના જહનાબાદના વતની જીતેન્દ્રકુમાર સુનિલ મિસ્ત્રી (ઉં.વ.19) હાલમાં ડિંડોલી નવાગામમાં આવેલા ગણપત ધામ સોસાયટી વિભાગ-1માં બનેવી સાથે રહેતો હતો અને ફર્નિચરનું કામ કરતો હતો. જીતેન્દ્રકુમાર ત્રણ દિવસ પહેલાં જ વતનથી સુરતમાં રોજીરોટી માટે આવ્યો હતો. કાલે રાત્રે જીતેન્દ્રકુમારે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસ : યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જાહેર કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાતી સદર અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અહીં નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

ક્રમ	દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/ લોન એકાઉન્ટ નં./ શાખાનું નામ	સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) ની ટૂંકી વિગત	માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂપિયા)	કબ્જો લીધાની તારીખ
1.	અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત	સ્થાવર મિલકતોઃ બી-402 અક્ષર પેલેસ પ્લાઝા સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394315. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ નં. 12250 તારીખ 01-09-2017માં વધુ વિગતવાર દર્શાવેલ છે. જેની સીમાઓઃ- ઉત્તરઃ ઓ.ટી.એસ, દક્ષિણઃ પેસેજ, પૂર્વઃ ફ્લેટ નં. 402, પશ્ચિમઃ દાદર	10-સપ્ટેમ્બર-2019/ રૂ. 8,74,930/- રૂપિયા આઠ લાખ ચુંમોતેર હજાર નવસો ત્રીસ પૂરા.	31-05-2026
2.	અખિલેશરાઈ મહેશરાઈ ભૂમિહાર/ રિકુદેવી અખિલેશ ભૂમિહાર/ 004-00000810/ સુરત	ફ્લેટ નં 202 બિલ્ડિંગનું નામ અને નં કુમકુમ રેસીડેન્સી સર્વે નં બ્લોક નં. 2,4,5,11/A,12,13/A,14,15,16,39,40/A,41,42,43,156,323/A,325,326 સ્થળ પલસાણા લેન્ડમાર્ક સોની પાર્ક હાઉ. સોસાયટી-2 ગામનું નામ તાંતીથૈયા જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- 394315 ઉત્તર- ફ્લેટ નં. 201, દક્ષિણ- અન્ય પ્લોટ, પૂર્વ- અન્ય મિલકત, પશ્ચિમ- ફ્લેટ નં. 203	14-એપ્રિલ-2025/ રૂ. 4,37,318/- રૂપિયા ચાર લાખ સાડત્રીસ હજાર ત્રણસો અઢાર પૂરા.	31-05-2026
3.	કલ્લુ દિલીપસિંહ રાજપૂત/ રીનાબેન કલ્લુભાઈ રાજપૂત/ 004-00404007/ સુરત	ફ્લેટ નં. A 105, પહેલો માળ, સત્યમ રેસીડેન્સી- A, સાહિબા મીલની સામે, ઓફ. સુરત- બારડોલી હાઇવે, જોળ્વા, પલસાણા, સુરત, ગુજરાત સર્વે નં. R.S. નં. 159/2/A/, 159/2/B, બ્લોક નં.: 183, 184, પ્લોટ નં. 17,18,19 લેન્ડમાર્ક સાહિબા મીલની સામે, જોળ્વા રોડ નજીક જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત પિનકોડ- 394310 દિશાઓ ઉત્તર- રોડ, દક્ષિણ- અડીને આવેલ બિલ્ડિંગ, પૂર્વ- અડીને આવેલ પ્લોટ, પશ્ચિમ- સોસાયટી માર્જિન	20-મે-2025/ રૂ. 4,76,395/- રૂપિયા ચાર લાખ છોતેર હજાર ત્રણસો પંચાણું પૂરા.	31-05-2026
4.	યુવરાજભાઈ સાહેબરાવ શિંદે/ ઉષાબેન યુવરાજભાઈ શિંદે/ 004-00404221/ સુરત	ફ્લેટ નં. A-303, બીજો માળ, રાધે રેસીડેન્સી- A, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-2, ઓફ-સુરત બારડોલી હાઇવે, બગુમરા, પલસાણા, સુરત સર્વે નં. R.S.- 209, બ્લોક નં. 273 લેન્ડમાર્ક સાઈ વાટિકા રો હાઉસ વિભાગ- 2 જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ-394327 દિશાઓ ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સોસાયટી રોડ, પૂર્વ- સોસાયટી રોડ, પશ્ચિમ- સોસાયટી રોડ	20-મે-2025/ રૂ. 6,07,929/- રૂપિયા છ લાખ સાત હજાર નવસો ઓગણત્રીસ પૂરા.	31-05-2026

તારીખઃ 03 જૂન, 2026, સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

વાપી મહાનગરપાલિકા- વાપી

૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

(જાહેર નોટીસ)

(ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગ)

હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દૂર કરવાની કામગીરી દરમિયાન જાહેર સલામતી સંબંધે જાહેર નોટિસ.

ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા પત્ર ક્રમાંક : KV-01 OF 2025-UDUHD/COC/E-file/18/204/6138/P Section Dt. 01/01/2025 થી વાપીનગરપાલિકા તેમજ મોજે બલિઠા, ચણોદ, છીરી, છરવાડા, નામધા, કરવડ, સલવાવ, મોરાઈ, વટાર, કુંતા, ચંડોર, તરકપારડી સમાવેશ કરી વાપી મહાનગરપાલિકાની સ્થાપના કરવામાં આવેલ છે. આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારોમાં નીચે જણાવેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરવાના સાત (૦૭) દિવસ પહેલા વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં ટાઉનપ્લાનિંગ અને એસ્ટેટ ખાતામાં તેમજ ટેક્ષ શાખામાં દૂર કરવાના બાંધકામનો ફોટોગ્રાફ્સ સહિત ફ્લોર, ઉપયોગ વિગેરે વિગતો સહિત લેખિત જાણ કરવાની રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી ટેકનિકલ વ્યક્તિ (રજીસ્ટર્ડ એન્જિનિયર/આર્કિટેક્ટ/ક્લાર્ક એક વર્ક્સ/સ્ટ્રક્ચર એન્જિનિયર) ની નિમણૂંક કરી તેમના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે, તથા કામ કરતા વ્યક્તિઓ/મજૂરો તથા આજુબાજુની મિલકતો જાહેર જનતાની સલામતી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.
- ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા તથા ડીમોલીશન દરમિયાન પ્લોટની દરેક બાજુએ દૂર કરવાના બાંધકામની સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઈ સુધીની પતરાની વાડ (બેરીકેડ/પડદા/વિન્ડશિલ્ડ) તથા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરના માળના બાંધકામને દૂર કરવાની કામગીરી સમયે ચારે બાજુ નેટ સેફ્ટીનું પ્રોવિઝન સલામતીના જળવાઈ રહે તે હેતુસર કરવાની રહેશે. તથા આવી કામગીરી વખતે સંકળાયેલા તમામ વ્યક્તિઓ/મજૂરોને સેફ્ટી હેલ્મેટ, સેફ્ટી બૂટ, હેન્ડ ગ્લોઝ તથા અન્ય સાધનો (PPE) વિગેરે આવી કામગીરી કરાવતા માલિક/કોન્ટ્રાક્ટરો મારફતે પૂરાં પાડવાના રહેશે.
- જૂનું બાંધકામ દૂર (Demolish) કરતા જે કાટમાળ (Construction Debris), C&D Wasteનો નિકાલ જાહેર રસ્તાઓ ઉપર કરવાનો રહેશે નહીં અને C&D Waste નો નિયમોનુસાર નિકાલ કરવાનો રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી દરમિયાન જાહેરમાર્ગો/અવર જવરના રસ્તા ઉપરના વાહન વ્યવહાર કે પગપાળા અવર-જવર કરતા રાહદારીઓને અડચણ ના થાય તેની પૂરતી કાળજી રાખવાની રહેશે.
- બાંધકામ ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા અને ડીમોલીશનની કામગીરી અન્વયે ચેતવણી દર્શાવતા સાઇન બોર્ડ (Demolition Work in Progress), DANGER, CAUTION વિગેરે જાહેર રસ્તા ઉપરથી સહેલાઇથી જોઈ શકાય તે મુજબ મૂકવાના/લગાવવાના રહેશે.
- બેઝમેન્ટની ડીમોલીશનની કામગીરી દરમિયાન સલામતીને ધ્યાને લઈ યોગ્ય રીતે Shoring/Shuttering વિગેરે કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓનું પાલન અજરદાર દ્વારા ન કરવામાં આવે તો તેવા કિસ્સામાં જી.પી.એમ.સી. એક્ટ-1949 ની કલમ-248(2) મુજબ કામ અટકાવી અજરદાર સામે કાનૂની કાર્યવાહી કરવા પોલીસ વિભાગને જાણ કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

સ્થળઃ- વાપી

તારીખઃ-02/06/2026

નં. માહિતી/વલસાડ/૧૩૬/૨૦૨૬

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા-વાપી